## જન્મદિને વધામણી



જયેન્દ્ર ટી સોની
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૬



જલ્પા જયંતીભાઈ પટેલ
મો. ૯૪૦૮૧ ૪૩૬૩૫



ધૃવી રાકેશકુમાર જાની



દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫

## જિલ્લાકક્ષાની નિબંધ સ્પર્ધામાં રાંધેજા વિદ્યામંદિર વિજેતા બની

ગાંધીનગર, તા. ૨૧

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે તાજેતરમાં 'રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતા' વિષયે જિલ્લાકક્ષાની નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શ્રી જોઈતારામ શંકરદાસ વિદ્યામંદિર, રાંધેજાની વિદ્યાર્થિની રિદ્ધિબેન જગાજી ચૌહાણે દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કરી ગામ અને શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થિની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે.

આચાર્ય અને સ્ટાફ દ્વારા વિજેતા વિદ્યાર્થિની ઉપરાંત તેના માર્ગદર્શક આર ડી પટેલ, એ બી નાયક અને એન એમ સોલંકીને પણ અભિનંદન પાઠવ્યા હતા.

## 'મેવા' દ્વારા ૭મીએ ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

મુસ્લિમ એજ્યુકેશન ઍન્ડ વૅલ્ફેર એસોસિએશન, ગાંધીનગર દ્વારા સોળમા ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં પ્રમુખ ઈનાયતઅલી સૈયદ અને માનદ જનરલ સેક્રેટરી રફીક આઈ મનસુરીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૮માં લેવામાં આવેલી પરીક્ષામાં ધોરણ-૧૦, ૧૨ તથા ઉચ્ચ શિક્ષણમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવા માટે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા. ૭ ઑક્ટોબર ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે બ્રહ્માણી કૃપા મેમોરિયલ હૉલ, ફાર્મસી કૉલેજ કંપાઉન્ડ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે આયોજિત આ સમારોહના અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રૉફેસર અને ડિરેક્ટર પ્રૉ. અજીતસિંહ પી રાણા ઉપસ્થિત રહેશે. મુખ્ય અતિથિ તરીકે રાજ્ય પરીક્ષા બોર્ડ, અમદાવાદના ચેરમેન પ્રફુલ એ જલુ અને અમદાવાદનાં ગાયનેકોલોજીસ્ટ ડૉ. શાહીન સૈયદ ઉપસ્થિત રહેશે.

### મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્વચ્છતા અંગે કાર્યક્રમો





ગાંધીનગર, તા. ૨૧

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન હેઠળ ૧૫થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

સૌપ્રથમ 'સ્વચ્છતા એ જ સેવા' વિષયે સેમિનારનું આયોજન યુનિવર્સિટી કેમ્પસમાં કરવામાં આવ્યું હતું.

અધ્યાપકોએ સ્વચ્છતા એ જ સેવા, સ્વચ્છતાનું મહત્ત્વ વિષયો પર અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારમાં યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ 'એક કદમ સ્વચ્છતા કી ઓર' વિષયે વિદ્યાર્થીઓ દ્વારા નાટકની ભજવણી કરવામાં આવી હતી. ઍમઍસડબલ્યુના નાટકને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસી. પ્રૉફેસર ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ, ડૉ. મીનળબા જાડેજા અને ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ પોતાની સેવાઓ આપી હતી.

યુનિવર્સિટીમાં ચાલતા શિશુ પરામર્શન કેન્દ્ર દ્વારા સ્વચ્છતા સપ્તાહની ઉજવણી પણ સ્વચ્છતા અભિયાન હેઠળ હાથ ધરવામાં આવી હતી. ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષક દિવ્યાબેન રાવળે શિશુ પરામર્શનમાં આવતી માતાઓને ઘરની સફાઈમાં બાળકોને જોડી તેમનામાં સ્વચ્છતાનાં બીજનું રોપણ કરવું જોઈએ. માત્ર એક દિવસ કે સપ્તાહ પૂરતું સ્વચ્છતા અભિયાન ન રહેતાં બારે મહિના રહે તેવો સંકલ્પ માતાઓએ કર્યો હતો. આ પરામર્શનમાં માતાઓ ઉપરાંત બાળકોએ પણ ભાગ લીધો હતો. વિશેષમાં બાપુને પ્રિય એવા સ્વચ્છતાને લગતા ગીત 'સપના થા બાપુ કા એક સ્વચ્છ ભારત હો'નું ઉત્સાહપૂર્વક ગાન કરવામાં આવ્યું હતું.

જનસમાજમાં સ્વચ્છતા અંગેની જાગૃતિત આવે તે માટે યુનિ.માં ચાલતા ઍમઍસડબલ્યુ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ દ્વારા સૅક્ટર-૨૦માં સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતાનો દીપ પ્રગટાવીએ, ગંદકીના અંધકારને ભગાવીએ, નગરજનો નમસ્તે, કચરો ન ફેંકો રસ્તે જેવા નારા વિદ્યાર્થીઓએ લગાવ્યા હતા અને જનસમાજને રેલી દ્વારા સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અભિયાન, સ્વચ્છ ભારત, સ્વચ્છ ભારત - તન અને મન જેવા વિષયો આ સ્પર્ધા માટે નિયત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે યુનિવર્સિટીના આસી. પ્રૉફેસર ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ, ડૉ. મીનળબા જાડેજા અને ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ પોતાની સેવાઓ આપી હતી. સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતા તરીકે અમી દેસાઈ, મોનિકા શિકારી અને ભાવિકા રાવળનાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

આ સઘળા ઉપક્રમોના મુખ્ય સંયોજક તરીકેની જવાબદારી યુનિવર્સિટીના સંશોધન વિભાગના આસી. પ્રૉફેસર ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ સંભાળી હતી.

### સંગીત નાટક અકાદમી અને કલાગુર્જરીના ઉપક્રમે

## આજે ગાંધીનગરમાં ભજન પરંપરા માટે કાર્યશાળા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને કલાગુર્જરીના સંયુક્ત ઉપક્રમે શનિવારે અખંડ ભજન રાત્રી અને ભજન પરંપરાની જાણકારી માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને કલાગુર્જરીના પ્રમુખ ઍન પી પટેલે જણાવ્યું છે કે શનિવાર, તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ રાત્રીના ૯.૩૦ કલાકથી સવારના ૬ કલાક સુધી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આ અખંડ ભજનનો કાર્યક્રમ યોજવામાં આવશે. ભજનીક તરીકે પ્રફુલ્લ દવે, ભારતીબેન વ્યાસ, હેમંત ચૌહાણ અને કલ્યાણદાસ મેસવાણિયા ઉપસ્થિત રહેશે. સંતવાણીનું સંચાલન ડૉ. નિરંજન રાજયગુરુ અને ડૉ. દલપત પઢિયાર દ્વારા કરવામાં આવશે. આ ભજન રાત્રીમાં ગુરુમુખી અને આરાધથી લઈને પ્રભાતિયાં સુધીની પરંપરાનાં ભજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભજન પરંપરા માટેની કાર્યશાળા આંબેડકર હૉલ ખાતે શનિવારે સવારે ૯.૩૦થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન યોજવામાં આવશે.

આ કાર્યશાળાના પ્રશિક્ષક તરીકે વી ઍસ ગઢવી, દલપત પઢિયાર, નિરંજન રાજ્યગુરુ અને નાથાભાઈ ગોહેલ પોતાની સેવાઓ આપશે. આ કાર્યશાળામાં કોઈપણ રસિક નાગરિક જોડાઈ શકે છે. અલબત્ત, એ માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. રજિસ્ટ્રેશન માટે નિરેન બ્રહ્મભટ્ટ (૯૮૭૯૯ ૫૫૦૩૫) અથવા રાજુ ભટ્ટ (૯૮૨૪૦ ૯૫૨૩૪)નો સંપર્ક સાધવા બંને સંસ્થાઓના સંચાલકોએ વધુમાં જણાવ્યું છે.

### ઓરી-રૂબેલાની રસીથી વંચિત બાળકોના વાલીઓ માટે

## શ્રીમતી ઍમ બી પટેલ સ્કૂલ ખાતે જાગૃતિ સેમિનારનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જે વિદ્યાર્થિનીઓ ઓરી-રૂબેલાની રસીથી વંચિત રહી ગઈ છે તેમના વાલીઓ માટે એક જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

અર્બાન હૅલ્થ સૅન્ટર, સૅક્ટર-૨૯ના મૅડિકલ ઑફિસર ડૉ. કિંજલ બી ઉધાડ દ્વારા ઉપસ્થિત વાલીઓને રસીના ફાયદા, રસી લેનારને કોઈપણપ્રકારની શારીરિક તકલીફ પડતી નથી તેવી માહિતી વિગતે આપવામાં આવી હતી. વાલીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના તેમણે સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા. આચાર્ય દ્વારા પણ રસી અંગે સાચી માહિતી આપી વાલીઓને વિદ્યાર્થિનીઓનાં રસીકરણ માટે અપીલ કરવામાં આવી હતી.

### નિસર્ગ દ્વારા આયોજિત

## ક્વિઝ સ્પર્ધામાં જે બી સ્કૂલના તારલા ઝળક્યા

### બે-બે વિદ્યાર્થીઓની બનેલી બે ટીમે તૃતિય અને ચતુર્થ વિજેતાપદ પ્રાપ્ત કરીને રોકડ ઈનામો જીત્યાં



ગાંધીનગર, તા. ૨૧

તાજેતરમાં નિસર્ગ સાયન્સ સૅન્ટર, ગાંધીનગર ખાતે પર્યાવરણ અને વર્લ્ડ ઓઝોન ડે નિમિત્તે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓએ ભાગ લીધો હતે, જે પૈકી શ્રી જે બી પ્રાથમિક શાળાના ૮ વિદ્યાર્થીઓની ટીમે ભાગ લીધો હતો. આ પૈકી બે-બે વિદ્યાર્થીઓની બનેલી બે ટીમે તૃતિય અને ચતુર્થ વિજેતાપદ પ્રાપ્ત કરીને અનુક્રમે રૂા. ૩૦૦ અને ૨૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓ તથા સફળતા પ્રાપ્ત કરનારા વિદ્યાર્થી દ્રોણ પ્રકાશભાઈ બાલાસરા, પ્રવર મનુભાઈ પ્રજાપતિ, પ્રથમ પ્રવીણભાઈ ગુલવે અને રવિ સંજયભાઈ ચૌહાણને આચાર્ય નીવાબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## સ્વામીનારાયણ પોલીટૅકનીક ખાતે નવી ટૅકનોલૉજી અંગે સૅમિનાર



ગાંધીનગર, તા. ૨૧

અદ્યતન ટેકનોલોજી થકી આધુનિક યુગમાં જમાના સાથે આગળ વધવા નવી ટેકનોલોજીથી માહિતગાર થવું જરૂરી છે. આ નવી ટેકનીકોને સમજાવવા માટે તાજેતરમાં શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક, સૅક્ટર-૨૨, ગાંધીનગર ખાતે વર્ચ્યુઅલ રિયાલીટી, સિક્સ્થ સેન્સ ટેકનોલોજી, આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ તથા જીવન સફળ બનાવવાની સમજ વિષે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્પીકર તરીકે આઈટી ઍક્સપર્ટ ધીરજ પૂજારા, સંસ્થાના ઍકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ, સ્ટાફ મિત્રો અને સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વર્ચ્યુઅલ રિયાલીટીની સમજ અને ગુજરાતના પ્રવણ મિસ્ત્રી દ્વારા તૈયાર કરાયેલ સિક્સ્થ સેન્સ ટેકનોલોજી વિશેના માઈક્રોસોફ્ટ હોલો લેન્સનો લાઈવ ડેમો ધીરજ પૂજારા દ્વારા તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો. આ અદ્યતન ટેકનીકનો આગામી પેઢી, સમાજ અને દેશ માટે કેવી રીતે ઉપયોગ થઈ શકે તેના વિશે માહિતી આપવામાં આવી હતી અને જીવનની કેટલીક વિપરીત પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવે તે અંગે મેડિટેશન દ્વારા સમજ આપવામાં આવી હતી.

જીવનમાં મેડિટેશનનું મહત્ત્વ અને માઈક્રોસોફ્ટ હોલો લેન્સની માહિતી પૂરી પાડતા આ સેમિનારમાં વિદ્યાર્થીઓ ઉપરાંત સ્ટાફમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવાય અને બાળકો ઉપગ્રહ તથા અવકાશયાનની ઉપયોગિતા સમજે તે આશયથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ શાળા પરિવાર દ્વારા ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઈસરો)ની મુલાકાત લેવામાં આવી હતી. શાળાના ૧૬૨ વિદ્યાર્થીઓ આ મુલાકાતમાં જોડાયા હતા અને ઉપગ્રહ, સ્પેસ શટલ વિશે વિગતે માહિતી પ્રાપ્ત કરી હતી.

### ગાંધીનગર ટેક્વોનડો ઍસોસિએશન દ્વારા

## શહેરમાં ગુજરાત સ્ટેટ ટેક્વોનડો ચૅમ્પિયનશીપ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ગુજરાત સ્ટેટ ટેક્વોનડો ચૅમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી અને ટૅકનીકલ ડિરેક્ટર જતીન દવેએ જણાવ્યું છે કે ૨૩ સપ્ટેમ્બર ને રવિવારના રોજ સવારે ૮થી સાંજે પાંચ કલાક દરમિયાન ગુજરાત સ્ટેટ ટેક્વોનડો ચૅમ્પિયનશીપનું આયોજન સમર્પણ ઍજ્યુકેશન કૅમ્પસ, ખ-૭ સર્કલ પાસે, સૅક્ટર-૨૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગર ટેક્વોનડો ઍસોસિએશન દ્વારા આ ચૅમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## સીઍસ બનવા માટે શું કરવું જોઈએ ? માર્ગદર્શન આપશો




નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું ૧૨ કોમર્સ માં અભ્યાસ કરું છું. સી.એસ વિષે અને તે બનવા માટે શું કરવુ વિષે માહિતી આપવા વિનંતી.**

**- ઉર્મિ પટેલ, હિમતનગર**



ઉર્મિ, આપનો સવાલ સરળ અને સીધો છે.આપ સી.એસ. એટલે કે કંપની સેક્રેટરી બનવા માંગો છો.આપને જાણવા માંગીશું કે કોઇ પણ કંપનીમાં કમ્પ્લાયન્સનું(અનુપાલન) કામ એ કંપનીમાં જોબ કરતાં સી.એસ. કરતાં હોય છે. દરેક નિયમનું પાલન થાય છે કે નહી, નિયમોનું પાલન કઇ રીતે થઇ શકે એનું ધ્યાન અને દેખરેખ સી.એસ. રાખતા હોય છે. કંપની સેક્રેટરી બનવા માટે આઇ. સી. એસ. આઇ. એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા ધ્વારા પરીક્ષા લેવામાં આવે છે જેમાં ઉત્તિર્ણ થયા બાદ આપ સી.એસ બની શકો છો. જણાવી દઈએ કે આ પરીક્ષા વર્ષમાં બે વખત - જૂન અને ડિસેમ્બરમાં - લેવામાં આવે છે. આપ ૧૨ પછી અને ગ્રેજ્યુએશન પછી આ પરીક્ષા આપી શકો છો. ૧૨ંર પછી આ પરીક્ષા ત્રણ લેવલમાં લેવામાં આવે છે.પ્રથમ લેવલ છે 'ફાઉંડેશન પ્રોગ્રામ', બીજું લેવલ 'એક્સેક્યુટીવ પ્રોગ્રામ' અને ત્રીજું લેવલ 'પ્રોફેશનલ પ્રોગ્રામ'. જો આપ ગ્રેજ્યુએશન પછી આ પરીક્ષા આપો છો તો આપે ફક્ત બીજું અને ત્રીજું લેવલ જ પાસ કરવાનું હોય છે. આ પરીક્ષા સાયન્સ, આટ્ર્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ આપી શકે છે પણ ફાઈન આટ્ર્સના વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શક્તા નથી. આ પરીક્ષામાં મુખ્યત્વે બિઝનેસ, અકાઉંટ અને કાયદાને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે.આ ત્રણેય લેવલમાં ઉત્તિર્ણ થયા પછી આપ સી.એસ. બની શકો છો. આઇ.સી.એસ.આઇ. દ્વારા લેવાતી પરીક્ષાઓનું રજિસ્ટ્રેશન આપ ઓનલાઈન કરી શકો છો. પરીક્ષાની તૈયારી માટે આપ ઓનલાઈન મટિરિયલનો ઉપયોગ કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું ૧૨ કોમર્સ માં અભ્યાસ કરું છું.બેંક માં જોબ જોઇતી હોય તો કઇ પરીક્ષા આપવી પડે અને ક્યો કોર્સ કરવો પડે?**

**- રોહિત રાજપૂરોહિત હિમતનગર**



બેંકની મોટા ભાગની પરીક્ષા માટે સ્નાતક એટ્લે કે ગ્રેજ્યુએશન હોવું જરુરી છે. બેંકમાં મુખ્યત્વે બે પ્રકારની જોબ મળી શકે છે - એક પ્રાઈવેટ અને બીજી સરકારી બેંકમાં. જો પ્રાઈવેટ બેંકની વાત કરીએ તો સારી પોઝિશનમાં જવુ હોય તો પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. અને તદુપરાંત ગ્રુપ ડિસકાશન અને ત્યારબાદ ઈન્ટરવ્યુ ધ્વારા સામન્ય રીતે સિલેક્શન થતુ હોય છે. અને જો સરકારી બેંકની વાત કરીએ તો મુખ્યત્વે ભારતની અંદર ત્રણ પરીક્ષા લેવાય છે. પ્રથમ છે આઇ.બી.પી.એસ એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઓફ બેંકિંગ પેર્સોન્નેલ સિલેક્શન દ્વારા લેવાતી પરીક્ષાઓ. એમાં મુખ્ય રૂપે ત્રણ પરીક્ષાઓ હોય છે - એસ.ઓ. એટ્લે કે સ્પેશિયાલિસ્ટ ઓફિસર ,પી.ઓ. એટ્લે કે પ્રોબશનરી ઓફિસર અને ક્લર્ક. આ પરીક્ષાઓ આપી તમે ઓફિસર અથવા ક્લર્ક બની શકો છો. અન્ય એક પરીક્ષા જે આઇ.બી.પી.એસ ધ્વારા જ લેવામાં આવે છે એ છે આર.આર.બી એટ્લે કેરિજનલ રુરલ બૅંક એટ્લેકે ગ્રામિણ બૅંક જે આપ આપી શકો છો.અન્ય એક સંસ્થા એસ.બી.આઇ એટ્લેકે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવે છે. એસબીઆઇ દ્વારા લેવાતી પરીક્ષા આપ્યા પછી આપ એસબીઆઇ માં ઓફિસર અથવા ક્લર્ક બની શકો છો. ભારતની સૌથી મોટી બૅન્કિંગ ક્ષેત્રની પરીક્ષા એટ્લે આર.બી.આઇ એટ્લે કે રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા દ્વારા લેવાતી પરીક્ષાઓ. જો સૌથી પ્રતિષ્ઠિત અને માન-મોભા વાળી જોબ આપ કરવા માંગતા હોય તો એ છે આર.બી.આઇ. જેમાં આપ ઓફિસર અથવા ક્લર્ક બની શકો છો. આરબીઆઇ માં ઓફિસર બનવા માટે આપે ગ્રેડ બી નામની પરીક્ષા આપવાની હોય છે. તથા આપ ક્લેરિકલ જોબમાં જવા માંગતા હોવ તો આરબીઆઇ આસિસ્ટ્ન્ટની પરીક્ષા આપી શકો છો. આ પ્રકાર ની વિવિધ પરીક્ષાઓ આપી તમે બૅંક માં જોબ મેળવી શકો છો. આ પરીક્ષામાં મુખ્યત્વે ચાર પ્રકારના પ્રશ્નો પૂછાતા હોય છે ગણિત,અંગ્રેજી,રિજનિંગ અને સામાન્ય જ્ઞાન.ત્યાર બાદ મોટા હોદ્દા માટે ની પરીક્ષામાં ગ્રુપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂનો સામનો કરવાનો હોય છે.જો આપ અત્યારથી જ આપ જણાવેલ બાબતોનું ધ્યાન રાખી તૈયારી ચાલુ કરશો તો આપને તે ચોક્કસ મદદરૂપ થશે. કરંટ અફેર્સનું વાંચન અથયરથીજ શરૂ કરી દેજો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩.હું પ્રાઇવેટ કંપનીમાં જોબ કરું છું. ગવરમેન્ટ જોબ માટે તૈયારી કેવી રીતે કરવી અને ક્યારથી ચાલું કરી શકાય?**

**- ચિંતન રાવલ ,ગાંધીનગર**



ચિંતન,આપનો પ્રશ્ન છે કે ગવરમેન્ટ જોબ માટે તૈયારી કેવી રીતે કરવી?તો આપને જણાવી દઈએ કે સૌપ્રથમ આપ આપનો ધ્યેય નક્કી કરો કે આપ કઈ પરીક્ષાની તૈયારી કરવાં માંગો છો. એટ્લે કે આપ આપના એજ્યુકેશન અને લાયકાતને અનુરુપ કોઈ એક પરીક્ષા નક્કી કરો. ત્યારબાદ એ પરીક્ષા વિશેની સંપૂર્ણ માહિતી એટ્લે કે એનો અભ્યાસક્રમ અને વિષયો વિશે માહિતી એકઠી કરો, જે તે પરીક્ષાને કેટ્લી વાર છે (ક્યારે પરીક્ષા આપવાની હોય છે) તે ધ્યાનમાં રાખી, એ મુજબ પ્લાનિંગ એટ્લે કે ટાઈમટેબલ બનાવો અને તેનું પાલન કરો. અહિયાં જણાવી દઈએ કે ઘણા વિદ્યાર્થીઓ પ્લાનિંગ તો બનાવે છે પણ એ મુજબ અનુસરણ કરતા નથી. તો આપ ખાસ એ વાતનું ધ્યાન રાખશો. આપે કહ્યુ એમ આપ જોબ કરો છો તો કદાચ આપની સામે સમયનો પ્રશ્ન આવી શકે. તો જણાવી દઈએ કે આપ ટાઈમટેબલ પણ એ અનુરુપ તૈયાર કરો કે આપ કયા સમયે યોગ્ય વાંચન કરી શકો એમ છો. એક સામાન્ય વિધ્યાર્થી માટે નિયમિત અને ધ્યાનપૂર્વકનું રોજ ૨ કલાકનું વાંચન પર્યાપ્ત હોય છે. આપના પ્લાનીંગમાં વહેલી સવારે ૬ થી ૮ અથવા સાંજે ૭ થી ૯નો આપ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ફાળવી શકો છો. પ્લાનિંગની વાત કરીએ તો અમુક વિષય કે જેમાં આપને વધુ મેહનતની જરૂર જણાતી હોય, એ વિષય માટે વધુ સમય ફાળવી શકો છો.અન્ય એક વિષયઓ પર ધીરે-ધીરે આપ ધ્યાન વધારી શકો છો. જણાવવા માંગીએ છીએ કે કરન્ટ અફેર્સ આપ નિયમિત રીતે તૈયાર કરજો અને જો કરશો તો સારુ પરીણામ મેળવી શકશો. અને એક વાર સંપૂર્ણ તૈયારી કર્યા પછી વધુ ને વધુ મોક પેપર આપશો. જેટલા વધુ પેપર આપશો એટલોજ કોન્ફિડેંસ વધશે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ: questions.careercorner@gmail.com
WhatsApp no. : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner